૮

વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાત ગોપાલક વિકાસ નિગમને મેચીંગ ફાળા પેટે રૂ.૭૫.૦૦ લાખના ૨૫% મુજબ રૂ.૧૮.૭૫ લાખની ગ્રાન્ટ (સમાન ફાળાની ગ્રાન્ટ) ફાળવવા બાબત

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૦૩/ન.બા.૮/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૮/૦૬/૨૦૨૨

વંચાણમાં લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંકઃSJED/BEM/e-file/17/2022/0027/B.

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૯/૦૪/૨૦૨૨નો પત્ર ક્રમાંકઃવિજાક/બો.નિ/૨૨-૨૩/૫૬૦-૬૧

ઠ રા વઃ-

વંચાણ હેઠળના ક્રમાંક (૧) પરના આ વિભાગના તા.૨૪/૦૪/૨૦૨૨ના ઠરાવથી ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ.ગાંધીનગર માટે સમાન ફાળાની ગ્રાન્ટ પેટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે કુલ રૂ.૭૫.૦૦ લાખની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે આ બજેટ જોગવાઇ મુજબનો રૂ.૭૫.૦૦ લાખની ગ્રાન્ટ માંથી ૨૫% મુજબ રૂ.૧૮.૭૫ લાખની ગ્રાન્ટ ગુજરાત ગોપાલક વિકાસ નિગમને હવાલે મૂકવાની મંજુરી આપવા વંચાણ હેઠળના ક્રમાંક (૨) ના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૨૨-૨૩ ના અંદાજપત્રમા કરવામાં આવેલ બજેટ જોગવાઇ મુજબની રૂ. ૭૫.૦૦ લાખની ગ્રાન્ટ માંથી ૨૫% મુજબ રૂ.૧૮.૭૫ (અંકે રૂપિયા અઢાર લાખ પંચોતેર હજાર પુરા)ની સમાન ફાળાની ગ્રાન્ટ ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત ગોપાલક વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.

(૨) જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટેજ ખર્ચ કરવાનો રહેશે.

(૩) સને ૨૦૨૨-૨૩ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૪) આ અંગેનો ખર્ચ ચાલુ વર્ષે મંજૂર થયેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

(૫) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુપડતા ધારા ધોરણોને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૬) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ દ્વારા મંજૂર કરવામાં આવેલ લોનની રીકવરી નિયમિત રીતે થાય તેની પર્યાપ્ત કાળજી અધુક લેવાની રહેશે અને રીકવરીની વિગતો પ્રસંગોપાત સરકારને રજુ કરવાની રહેશે.

(૭) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૨ મુખ્ય સદર- ૬૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોના કલ્યાણ પેટા મુખ્ય સદર-૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૮૦૦ અન્ય લોન પેટા સદર-૧૦ ઓબીસી-૨૫ રાષ્ટ્રીય પછાત વર્ગ નાણા અને વિકાસ નિગમમાં સામા સમાન ફાળો માટે ગુજરાત ગોપાલક વિકાસ નિગમને લોન હેઠળ ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાકીય વર્ષમાં કરવામાં આવેલ જોગવાઇ માંથી મેળવવાનો રહેશે અને વર્ષ આખરે રહેતી બચત સુપરત કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૪/૦૬/૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

વ.કે.પાઠક

(વ.કે.પાઠક)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

નકલ રવાના:-

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ. ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર,
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ અને કોમ્પ્યુટર સેલ, શાખા, સા.ન્યા. અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૨૨